**ફોજદારી કેસ નંબરઃ 1580/2022**

## બીજા અધિક જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.મુંદરા

### આક–૧ લગત હુકમ

ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક– ૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ– કલમ– ૬૬(૧)(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજૂ થતાં, આરોપી હાજર થતાં તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની ચાર્જ / પ્લી વાંચી, સંભળાવી, સમજાવતાં, આરોપીઓએ ગુનાની કબૂલાત કરવાની પુરસીસ રજૂ કરી, સ્વેચ્છાએ ગુનો કબૂલ કરેલ છે.

આમ,હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક ગુનાની કબૂલાત કરે છે. આરોપી ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં એકજ કમાનાર વ્યકિત છે/ યુવાન વયના છે અને ફરીવાર આવો ગુનો નહિ કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજૂઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છિક કબૂલાત કરેલ છે. હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ)છે, આરોપી ગરીબ માણસ હોય,નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. ૨૦૦૫ ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને ધ્યાને લઈ, આરોપીની કબૂલાત તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં અને આરોપીની સ્વૈચ્છિક કબૂલાતની હકીકતને ધ્યાને લેતાં તથા સુધારણાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative Theory of Punishment) ના સિધ્ધાંતને ધ્યાને રાખતાં તથા સદરહુ ગુના સબબની સજાની જોગવાઈ ધ્યાને લેતાં હાલના કેસમાં આરોપીને ન્યુનતમ કે મહત્તમ સજા નહિ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતું હોઈ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–// આ ખ રી હુ ક મ //–

આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ– ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૬૬(૧)(બી) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂપિયા ૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧૫ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ટ્રાયલ દરમ્યાન /અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ યોજાયેલ લોકઅદાલત અન્વયેની સ્પેશિયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩ (પ્રદિપકુમાર. બી. સોની)

મુંદરા–કચ્છ. બીજા અધિક જયુ . મેજી. ફ . ક .મુંદરા,કચ્છ.

જીજે૦૧૩૪૭